**અનુસંધાન** ... પાના પહેલાનું

## સોનમ વાંગચુકને...

દ્વારા વાંગચુકની તપાસ કરવામાં આવી રહી છે. એક સૂત્રએ જણાવ્યું કે, " સોનમ વાંગચુકને જરૂરી સ્વાસ્થ્ય સારવાર માટે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લાંબા સમય સુધી ઉપવાસ અને ડિહાઈડ્રેશનના કારણે તેઓ નબળા પડી ગયા છે. જો કે હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે, પરંતુ તેમના શરીરના માપદંડોને સામાન્ય કરવા માટે સતત દેખરેખ અને સારવારની જરૂર છે. દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નિષ્ણાત તબીબી સલાહ અને હાઈકોર્ટના આદેશોના પાલનમાં વાંગચુકને આવશ્યક તબીબી સંભાળ માટે ખસેડવામાં આવ્યા હતા. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે, કેટલાક પ્રદર્શનકારીઓએ આ પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી, પરંતુ પોલીસ કર્મચારીઓએ અત્યંત સંયમ જાળવીને આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. પોલીસે પ્રદર્શનકારીઓને તેમનું આંદોલન સમાપ્ત કરવા માટે પણ અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ વહેલી તકે શાંતિપૂર્ણ રીતે વિરોધ સ્થળ ખાલી કરી દે. X પર એક પોસ્ટમાં, CJP એ વાંગચુકને સફેદ ચાદરમાં લપેટીને વિરોધ સ્થળ પરથી લઈ જવાનો એક વીડિયો શેર કર્યો હતો. CJP એ કહ્યું, "૨૦ દિવસની ભૂખ હડતાળ પછી, એક અશક્ત વૃદ્ધ માણસને દિલ્હી પોલીસ દ્વારા સફેદ ચાદરમાં લપેટીને ઉપાડી જવામાં આવ્યા. આ રાષ્ટ્રીય શરમજનક બાબત છે." જો કે, આયસા(AISA)ના સભ્યો નેહા, આમીન અને મનીષે ૨૧મા દિવસે પણ વિરોધ સ્થળ પર તેમની ભૂખ હડતાળ ચાલુ રાખી હતી. AISA ના જણાવ્યા અનુસાર, પ્રદર્શનકારીઓએ તેમની આસપાસ માનવ સાંકળ બનાવી લીધી હતી અને પોલીસને આ ત્રણેય ભૂખ હડતાળ કરનારાઓને બળજબરીથી હટાવતા રોક્યા હતા. વાંગચુક અને AISA ના ત્રણ કાર્યકરો નીટ (NEET) પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અને આ વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના મોતના મામલે CJP ના નેતૃત્વમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનના સમર્થનમાં ૨૮ જૂનથી અચોક્કસ મુદતના ઉપવાસ પર છે. છેલ્લા ત્રણ સપ્તાહમાં તેમના સ્વાસ્થ્યમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. દિલ્હી હાઈકોર્ટ વાંગચુકની તબીબી સ્થિતિ પર નજર રાખી રહી છે અને નિર્દેશ આપ્યો છે કે તેમના સ્વાસ્થ્યનું નિયમિત મૂલ્યાંકન કરવામાં આવે અને જો જરૂર પડે તો યોગ્ય તબીબી સારવાર પૂરી પાડવામાં આવે. શુક્રવારે રાત્રે વાંગચુક એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે તેઓ તેમની બગડતી સ્થિતિ છતાં ઉપવાસ ચાલુ રાખવા માટે મક્કમ છે.

**અનશન પર ઉતરેલાઓની સ્થિતિ જોખમી હોવાનું જણાવતા ડોક્ટરો**

શુક્રવારે ડોક્ટરોએ જણાવ્યું હતું કે ભૂખ હડતાળની શરૂઆતથી વાંગચુકનું વજન લગભગ ૯.૫ કિલો ઘટી ગયું છે, જ્યારે તેમનું બ્લડ પ્રેશર અને બ્લડ શુગર લેવલ સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે. AISA કાર્યકરોના સ્વાસ્થ્યમાં પણ બગાડ થયો હતો. છેલ્લી અપડેટ મુજબ, નેહાનું રેન્ડમ બ્લડ શુગર લેવલ ઘટીને ૪૯ mg/dL ના ગંભીર સ્તરે પહોંચી ગયું હતું, આમીને તેના શરીરનું લગભગ ૧૪ ટકા વજન ગુમાવ્યું હતું અને તીવ્ર ડિહાઇડ્રેશનને કારણે તેને 'હાઈપોવોલેમિક શોક'(લોહી કે પ્રવાહીની ભારે અછત)નું જોખમ હતું. મનીષે ૧૦ કિલોથી વધુ વજન ગુમાવ્યું હતું અને તે બેભાન થવાની અણી પર હતો.

**પોતાને પોલીસે માર માર્યો હોવાનો દિપ્કેનો આક્ષેપ**

પોલીસની આ કાર્યવાહી બાદ તરત જ, કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપ્કેએ આરોપ લગાવ્યો હતો કે પ્રદર્શનકારીઓ પર પોલીસે બળપ્રયોગ કર્યો હતો. દીપ્કેએ X પર એક પોસ્ટમાં જણાવ્યું કે, મને દિલ્હી પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો છે અને અટકાયતમાં લેવામાં આવ્યો છે. દીપ્કેએ કહ્યું કે તેઓ એક મિત્રના ઘરે ફ્રેશ થવા ગયા હતા અને આરોપ લગાવ્યો કે પોલીસે તેમને માર માર્યો અને થોડા સમય માટે અટકાયતમાં રાખ્યા. તેમણે પોલીસની આ કાર્યવાહી સામે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવા હાકલ કરી હતી.

## સીજેપી સ્થાપક...

૨૧મા દિવસે દિલ્હી પોલીસ દ્વારા બળજબરીપૂર્વક સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બરખા ત્રેહાન તરીકે ઓળખવામાં આવેલી આ મહિલા, દીપકેના સંબોધન દરમિયાન તેમની તરફ ચાલીને આવી હતી અને તેમના પર વાદળી શાહી ફેંકી હતી, જેનાથી કાર્યક્રમમાં થોડીવાર માટે વિક્ષેપ પડ્યો હતો. જોકે, સ્વયંસેવકો અને સમર્થકોએ તેને કાબૂમાં લીધી હતી. કેટલાક સમર્થકો સ્ટેજ તરફ દોડી આવતાં દીપકેએ તેમને વારંવાર બેસી રહેવા અને ઉશ્કેરાઈ ન જવા અપીલ કરી હતી. ઘટના બાદ દીપકેએ કહ્યું, "વાદળી મારો રંગ છે. જય ભીમ." પોલીસ ત્રેહાનને ઘટનાસ્થળેથી બહાર લઈ ગઈ હતી. જ્યારે તેને લઈ જવામાં આવી રહી હતી, ત્યારે તેણે આરોપ લગાવ્યો હતો કે, તેની સાથે મારપીટ કરવામાં આવી છે અને તેણે ધાર્મિક સૂત્રોચ્ચારો પણ કર્યા હતા. ત્રેહાન ખુદને એક્સ પર પુરુષોના અધિકારોની કાર્યકર્તા અને 'પુરુષ આયોગ'ની અધ્યક્ષ તરીકે ગણાવે છે. આ હુમલા પાછળનો હેતુ તાત્કાલિક સ્પષ્ટ થયો ન હતો, પરંતુ શુક્રવારે સોશિયલ મીડિયા પર મૂકેલી એક પોસ્ટમાં તેણે સીજેપીના પુરુષ નેતાઓ સામે ગંભીર આરોપો લગાવ્યા હતા.

# ઈસરોના વૈજ્ઞાનિકોના સામુહિક રાજીનામાં માટે સરકારી તંત્રની જડતા કારણરૂપ છે



ભારત તેના બ્રેઇન ડ્રેઇન માટે વિશ્વવિખ્યાત છે. ભારતના બુદ્ધિપ્રતિભા ધરાવતાં લોકોને લાગે છે કે ભારતમાં તેમની જોઈએ તેવી કદર નથી થતી; માટે તેઓ ભારત છોડીને યુરોપ-અમેરિકાના દેશોમાં જાય છે અને સારામાં સારી કારકિર્દી બનાવે છે. અમેરિકાની સિલિકોન વેલીમાં આવેલી ટેક જાયન્ટ કંપનીઓના એન્જિનિયરોથી માંડીને સીઈઓ ભારતના મૂળના હોય છે. બ્રિટનની સમગ્ર આરોગ્ય સેવા ભારતે નિકાસ કરેલા ડોક્ટરો ચલાવે છે. ભારતની વિજ્ઞાન સંસ્થાઓમાં જે અમલદારશાહી અને કાવાદાવા જોવા મળે છે, તેને કારણે તેજસ્વી વિજ્ઞાનીઓ ભારત છોડીને ચાલ્યા જાય છે, વિદેશોમાં નામ કાઢે છે અને નોબેલ પારિતોષિકો પણ જીતે છે. જો આ બધું બુદ્ધિધન ભારતમાં હોત તો ભારત આજે વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ હોત. આ બ્રેઈન ડ્રેઈન હવે ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઇસરોને પણ પરેશાન કરી રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ઇસરોના ૧૦૦ થી વધુ વૈજ્ઞાનિકોનાં રાજીનામાં અને સ્વૈચ્છિક નિવૃત્તિથી સરકાર વધુ ને વધુ ટેન્શનમાં આવી ગઈ છે. હવે પ્રશ્નો ઊભા થાય છે કે આ વૈજ્ઞાનિકોને રાજીનામું આપવાનું કારણ શું છે? જ્યારે ભારતના અવકાશ સંબંધિત લક્ષ્યો આટલાં ઊંચાં છે, ત્યારે વૈજ્ઞાનિકો ઇસરો છોડવાનો નિર્ણય કેમ લઈ રહ્યા છે? શું તે વધુ સારી તકો અથવા કંઈક બીજું ઇચ્છવાને કારણે છે?

ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારથી સ્કાયરૂટ એરોસ્પેસ, અગ્નિકુલ કોસ્મોસ, પિક્સેલ, બેલાટ્રિક્સ એરોસ્પેસ, ધ્રુવ સ્પેસ, દિગંતારા અને અન્ય ઘણા સ્ટાર્ટઅપ્સે ભારતના એરોસ્પેસ ક્ષેત્રનો ચહેરો બદલી નાખ્યો છે. આ કંપનીઓ રોકેટ, ઉપગ્રહો, પ્રોપલ્શન સિસ્ટમ્સ અને અવકાશ-આધારિત સેવાઓનું નિર્માણ અકલ્પનીય ગતિએ કરી રહી છે. ખાનગી કંપનીઓ ઘણી વાર નોંધપાત્ર રીતે વધુ સારા પગાર, વિકલ્પો, વધુ સુગમતા અને ઝડપી ગતિવાળા વર્ક કલ્ચરમાં કામ કરવાની તક આપે છે, જ્યાં વિચારો ઝડપથી ડ્રોઈંગ બોર્ડથી હાર્ડવેર તરફ આગળ વધે છે. આ ખાનગી સ્ટાર્ટઅપ્સ વૈજ્ઞાનિકોને તેમની કારકિર્દીની શરૂઆતમાં નેતૃત્વની ભૂમિકાઓ અને નવી તકનીકો અપનાવવાની તક આપે છે. આ વલણને અનુભવીને સંખ્યાબંધ ઇસરો અધિકારીઓ સરકારી નોકરી છોડી રહ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઇસરોના ઘણા નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓએ એરોસ્પેસ સ્ટાર્ટઅપ્સ શરૂ કર્યા છે અથવા તેમને માર્ગદર્શન આપ્યું છે. આ ક્ષેત્ર એક એવી ઇકોસિસ્ટમ બનાવી રહ્યું છે, જે ઇસરોમાંથી પ્રતિભાઓને આકર્ષિત કરી રહ્યું છે. તેમના અનુભવ અને વધતા જતાં ખાનગી રોકાણે ભારતના એરોસ્પેસ એન્જિનિયરો માટે કારકિર્દીના માર્ગો ખોલ્યા છે, જે પહેલાં અસ્તિત્વમાં નહોતા. હવે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે ઇસરોના આ વૈજ્ઞાનિકો પોતાની કારકિર્દીની પ્રગતિ અને વધુ આર્થિક લાભ મેળવવા માટે આવા નિર્ણયો લઈ રહ્યા છે.

ઇસરો હાલમાં અનેક મહત્ત્વાકાંક્ષી મિશન પર કામ કરી રહ્યું છે, જેમાં ગગનયાન માનવ અવકાશ મિશન, ચંદ્રયાનનો આગામી તબક્કો, એડવાન્સ્ડ સેટેલાઇટ પ્રોગ્રામ અને સંરક્ષણ અને વ્યૂહાત્મક અવકાશ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. અનુભવી વૈજ્ઞાનિકોના એક સાથે પ્રસ્થાનથી આ બધાં મિશનોની સમયરેખા અને તકનીકી કુશળતા પર અસર પડી શકે છે. ૨૦૨૦ માં ઇસરોનાં કેન્દ્રોના ડિરેક્ટરોને વૈજ્ઞાનિકોનાં રાજીનામાં અને VRS મંજૂર કરવાની સત્તા આપવામાં આવી હતી. નવી સિસ્ટમમાં આ સત્તા પાછી ખેંચી લેવામાં આવી છે અને અવકાશ વિભાગ પાસે કેન્દ્રિત કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટોમાં સામેલ વૈજ્ઞાનિકો સીધાં રાજીનામું આપી શકશે નહીં; તેમનાં રાજીનામાં બાબતમાં અંતિમ નિર્ણય દિલ્હીમાં લેવામાં આવશે.

એક સમય હતો જ્યારે ઇસરો સંચાર ઉપગ્રહો તેમ જ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો બનાવી રહ્યું હતું અને ચંદ્રયાન અને મંગળયાન જેવાં મિશન પણ ચલાવી રહ્યું હતું. આજે ચિત્ર બદલાઈ ગયું છે. આજે

**ટુ ધ પોઇન્ટ**

■ સંજય વોરા ■

Pixel, Skyroot, Agnikul, GalaxyEye જેવી કંપનીઓ વિદેશી રોકાણ આકર્ષી રહી છે. ભારતનું અવકાશ અર્થતંત્ર આશરે ૮.૪ અબજ ડોલર સુધી વધી ગયું છે. દેશમાં ૩૯૯ સ્પેસ સ્ટાર્ટઅપ્સ લોન્ચ વાહનો, ઉપગ્રહો, પ્રોપલ્શન સિસ્ટમ્સ અને અવકાશ-ગ્રેડ ઇલેક્ટ્રોનિક્સ જેવાં ક્ષેત્રોમાં સક્રિય છે. સરકારે ૨૦૧૯ માં ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACE) ની સ્થાપના સાથે અવકાશ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂક્યું. આ સંસ્થા ખાનગી ક્ષેત્ર અને સરકારી એજન્સીઓ વચ્ચે સિંગલ-વિન્ડો ઇન્ટરફેસ તરીકે કામ કરે છે. વૈજ્ઞાનિકોનાં રાજીનામાંથી હચમચી ગયેલા અવકાશ વિભાગે ઇસરોના મુખ્ય મિશનમાં સામેલ વૈજ્ઞાનિકોનાં રાજીનામાંની મંજૂરી પર પ્રતિબંધ મૂકતા નવા નિર્દેશો જારી કર્યા છે. અવકાશ વિભાગે ઇસરોનાં મુખ્ય કેન્દ્રોને ગગનયાન અને અન્ય મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રોજેક્ટો સાથે સંકળાયેલા ગ્રુપ A વૈજ્ઞાનિકો અને ટેકનિકલ સ્ટાફનાં રાજીનામાં અથવા VRS ને સામાન્ય પ્રક્રિયા હેઠળ મંજૂર ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આવા તમામ કેસો હવે અંતિમ નિર્ણય માટે સીધા અવકાશ વિભાગને મોકલવામાં આવશે. સરકારે સ્વીકાર્યું છે કે તાજેતરમાં રાજીનામાંની સંખ્યામાં વધારો થયો છે, જે રાષ્ટ્રીય મહત્ત્વના ગગનયાન સહિતના પ્રોજેક્ટોને અસર કરી શકે છે.

ભારતની અગ્રણી અવકાશ ટેકનોલોજી સંસ્થા ઇસરોના આ નિર્ણયથી અવકાશ વૈજ્ઞાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે કે સ્ટાર્ટઅપ્સ અવકાશ ક્ષેત્રને કેવી રીતે મજબૂત બનાવશે અને શું આ રીતે અન્ય સંસ્થાઓના પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોને આકર્ષવા યોગ્ય છે? ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન જી. માધવન નાયર કહે છે કે આ પરિસ્થિતિ આઈટી ક્રાંતિ દરમિયાન ઊભી થઈ હતી અને આ તેનું જ પુનરાવર્તન છે. આવી પ્રક્રિયા ઇસરોની પ્રવૃત્તિઓ પર ગંભીર અસર કરી શકે છે. મારું માનવું છે કે પ્રતિભાને આ રીતે અન્ય સંસ્થાઓ તરફ વાળવી જોઈએ નહીં. આ ઉદ્યોગને વિકાસ કરવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ તેણે ISRO જેવી સ્થાપિત સંસ્થાઓમાંથી અનુભવી વ્યાવસાયિકોને લેવાને બદલે પોતાના લોકોની ભરતી અને તાલીમ આપવી જોઈએ.

જો કે, ઇસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક સચિવ પી.જી. દિવાકરને ઇસરો છોડી રહેલા વૈજ્ઞાનિકોની સંખ્યાથી આશ્ચર્ય થયું નથી. તેમનું માનવું છે કે ઇસરો મોટી સંખ્યામાં પૃથ્વી નિરીક્ષણ અને સંદેશાવ્યવહાર ઉપગ્રહો લોન્ચ કરતું હતું, પણ આજે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની અછત છે. સરકારની આખી નીતિ બદલાઈ ગઈ છે. પહેલાં સરકાર રિસોર્સસેટ, કાર્ટોસેટ અને ઓશનસેટ જેવા પ્રોજેક્ટો માટે ઈસરોને પૈસા આપતી હતી. ઈસરો સામાજિક લાભ માટે આ ઉપગ્રહો બનાવતો હતો. પરંતુ હવે સરકારે વિવિધ મંત્રાલયોને તેમની જરૂરિયાતો અનુસાર પોતાના ઉપગ્રહો લોન્ચ કરવા કહ્યું છે. સામાજિક ભલા માટે ઉપગ્રહોમાં રોકાણ કરવાની જરૂરિયાતને સમજવામાં મંત્રાલયોને થોડો સમય લાગશે. જો કે, તેમને આશા છે કે ભારતમાં અવકાશ સ્ટાર્ટઅપ્સ ઝડપથી વધશે. અત્યારે વૈજ્ઞાનિકો આને એક આકર્ષક વિકલ્પ માની રહ્યા છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું વૈજ્ઞાનિકોને ઇસરો જેવી સંસ્થા જેવો વૈજ્ઞાનિક વિકાસ સ્ટાર્ટઅપ્સમાં મળશે? દિવાકર કહે છે કે આવી તક શરૂઆતમાં ઉપલબ્ધ ન પણ હોય, પરંતુ જો સ્ટાર્ટઅપ્સનો વિકાસ થશે, તો વૈજ્ઞાનિકોને પણ ફાયદો થશે અને તે ફક્ત પૈસા કમાવા પૂરતું મર્યાદિત રહેશે નહીં. માધવન નાયર અસંમત છે. તેઓ કહે છે કે ખાનગી ક્ષેત્ર કદાચ વધારે પગાર ઓફર કરશે, પરંતુ તેમનું વૈજ્ઞાનિક કાર્ય એટલું પડકારજનક નહીં હોય. તેમણે ઇસરોમાં પ્રણાલીગત સમસ્યાઓ વૈજ્ઞાનિકોને ખાનગી ક્ષેત્ર તરફ દોરી રહી છે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. જો કે માધવન નાયરે કહ્યું કે વડા પ્રધાન મનમોહનસિંહના કાર્યકાળ દરમિયાન અમે સરકારને એ વાત સમજાવવામાં સફળ રહ્યા હતા કે અવકાશ અને પરમાણુ ઊર્જા ક્ષેત્રોને અન્ય સરકારી નોકરીઓ કરતાં અલગ ગણવામાં આવે. આ પછી, પ્રદર્શન આધારિત પ્રોત્સાહન યોજના, રોકડ પુરસ્કાર યોજના અને ખાસ પગારવધારો જેવી ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. સમય જતાં આમાંની ઘણી યોજનાઓ ધીમે ધીમે પાછી ખેંચી લેવામાં આવી. આવા નિર્ણયો લેનારા નેતાઓ અવકાશ ટેકનોલોજીની જટિલતાઓ અને જરૂરિયાતોને સંપૂર્ણપણે સમજી શકતા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઇસરોના વૈજ્ઞાનિકોનાં રાજીનામાંથી હચમચી ગયેલા અવકાશ વિભાગે ઇસરોના મુખ્ય મિશનમાં સામેલ વૈજ્ઞાનિકોનાં રાજીનામાંની મંજૂરી પર પ્રતિબંધ મૂકતા નવા નિર્દેશો જારી કર્યા છે**

---

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited from registered contractors for (1) Supply of brass metal parts for the HV and LV sides upto 500 KVA transformers as per IS 3347 and HV & LV porcelain bushings for upto 500 KVA transformers (DGVCL-Approved make) for DGVCL Transformer Repairing Unit-1 of Kadodara Division. (2) Supply of H-Class Super Enamelled Aluminium wire of different SWG sizes as per IS 13730 (Part-0/Sec-3):2012 for DGVCL Transformer Repairing Unit-1 & 2 of Kadodara Division. (3) Supply of DPC Aluminium wire of different sizes as per IS 7404 (Part-1):1991 for DGVCL Transformer Repairing Unit of Kadodara Division. (4) Supply of rod gaskets for DGVCL Transformer Repairing Unit-1 of Kadodara Division. (5) Work contract for repairing failed distribution transformers of various ratings at DGVCL In-house Transformer Repairing Unit-3 (Stack Core Unit) at Kamrej under the jurisdiction of Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com.

**EE (O&M), Kadodara Division Office, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

---

**Surat Municipal Corporation**
**North Zone (Katargam)**

FIT INDIA

E-Tender (Online) Invitation Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/03/2026-27 the Tenders are invited online no https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

| NAME OF DEPARTMENT | NO. OF WORK | TOTAL ESTIMATED COST |
|---|---|---|
| HOUSING | 04 | 1,83,66,088.49 + GST |
| ROAD | 05 | 59,53,46,146.53+ GST |
| GARDEN | 02 | ------------------------- |

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner
NO. P.R.O./135/2026-27 North Zone (Katargam)
Date 18-07-2026 Surat Municipal Corporation

---

**SURAT MUNICIPAL CORPORATION**
Room No. 113, Account Department,
Gordhandas Chokhawala Marg,
Shree Tapibhavan, Tapipura,
Surat - 395003, Gujarat, India.

FIT INDIA

Account Department is Inviting (NIQ) "Notice Inviting Quotation" for below mentioned Services.

| Sr. No. | Particulars | Professional Service | Start date of NIQ Download | Last date of NIQ Submission |
|---|---|---|---|---|
| 1 | Notice Inviting Quotation No. SMC/ACT/ GB/2026-27/003 | Appointment of experienced Firms/ Agencies for Post Issue Impact Assessment of Green Municipal Bond | 20/07/2026 From 11.00 hrs. | 31/07/2026 up to 17.00 hrs. |

For eligibility Criteria and more information please visit https://www.suratmunicipal.gov.in
No. P.R.O/134/2026-27 Dy. Municipal Commissioner(D.)
Date : 18-07-2026 SURAT MUNICIPAL CORPORATION..

---

**ગુજરાત સરકાર**
**સામાજિક વનીકરણ વિભાગ નવસારી**
**જાહેર નિવિદા નં. ૧૧ સને ૨૦૨૬-૨૭**
**( ત્રીજો પ્રયત્ન )**

આથી રસ ધરાવતા ઈજારદારોને જણાવવાનું કે, સામાજિક વનીકરણ વિભાગ, નવસારી ના કાર્યક્ષેત્રમાં સને ૨૦૨૬-૨૭ ના નાંણાકીય વર્ષમાં ૭૭મા વન મહોત્સવ ઉજવણી તથા અન્ય વિવિધ કાર્યક્રમ દરમિયાન સભા મંડપ તથા અન્ય જરૂરી સાધન-સામગ્રી પુરી પાડવા માટે રસ ધરાવતા ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ,શરતો,ટેન્ડર ફી રૂ!.૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ નાયબ વન સંરક્ષકશ્રી સામાજિક વનીકરણ વિભાગ, નવસારીના નામથી જમા કારાવ્યે થી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી તા.:૦૫-૦૮-૨૦૨૬ સુધી સાંજના ૧૮.૦૦ કલાક સુધી નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ,નવસારીની કચેરીએથી મેળવી શકાશે. તા.: ૦૬-૦૮- ૨૦૨૬ ના રોજ તા.: ૧૮.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં રાખવામાં આવેલ ટેન્ડર પેટીમાં નાંખવાના રહેશે. તથા તા.: ૦૭-૦૮-૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેલા ઈજારદારો કે તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

કચેરીનું સરનામું
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજિક વનીકરણ વિભાગ,
જે.કે.ટાવર સોસાયટી,
મકાન નંબરઃ૬ (ગ્રીડ રોડ),કબીલપોર,
નવસારી-૩૯૬૪૨૪.
ટેલીફોન નંઃ. ૦૨૬૩૭ ૨૫૮૧૯૩.

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૧૮૯/૨૦૨૬

---

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
નવસારી શહેરી વિભાગીય કચેરી,
બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

| અ. નં | સબ-સ્ટેશન | ફીડરનું નામ | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ /વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી અગ્રવાલ | નવસારી ઇસ્ટ | ૯૮૭૯૨૦૧૦૭૭ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી સાહિલ | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૨૦.૦૭.૨૦૨૬ | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૩ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી ગીતાંજલી | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૨૦.૦૭.૨૦૨૬ | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. નવસારી સીટી | ૧૧ કે.વી મિથિલા નગરી | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૫ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી આમરી | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | ૨૧.૦૭.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. એરુ | ૧૧ કેવી જલાલપોર | જલાલપોર | ૬૩૫૯૬૩૮૫૨૩ | ૨૦.૦૭.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૭ | ૬૬ કે.વી. એરુ | ૧૧ કેવી તાસકદનગર | જલાલપોર | ૬૩૫૯૬૩૮૫૨૪ | ૨૨.૦૭.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૩:૦૦ |

કાર્યપાલક ઇજનેર (સં અને નિ) નવસારી. શહેરી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

---

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી
કડોદરા (સં. અને નિ.) વિભાગીય કચેરી
૬૬ કે.વી, એસ.એસ કમ્પાઉન્ડ, કડોદરા તાઃ- પલસાણા જીઃ-સુરત ૩૯૪૩૨૭
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા બાબત.**

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | ફિડરોના નામ | સબડીવીઝનનું નામ | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| | ૬૬ કેવી એરથાન | ૧૧ કેવી PTPL ઈન્ડ | પલસાણા | ૧૯૧૨૩ | ૨૦.૦૭.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| | ૬૬ કેવી પલસાણા | ૧૧ કેવી વિરદેવ ઈન્ડ | પલસાણા | ૧૯૧૨૩ | ૨૧.૦૭.૨૦૨૬/ મંગળવાર | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| | ૬૬ કેવી વાવ | ૧૧ કેવી નનસાડ જેજીવાય | સેવણી, કામરેજ ૧ રૂરલ | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬/ બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| | ૬૬ કેવી સેવણી | ૧૧ કેવી ડાઈમંડ સિટી જેજીવાય/ ૧૧ કેવી ગોપીન ઈન્ડ/ ૧૧ કેવી માનવ ઈન્ડ | સેવણી | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬/ બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| | ૬૬ કેવી કડોદરા | ૧૧ કેવી શ્રીનારાયણ ઈન્ડ | કડોદરા ઇન્ડ | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬/ બુધવાર | ૧૦:૦૦ થી ૧૭:૦૦ |
| | ૬૬ કેવી પલસાણા | ૧૧ કેવી સ્પેક્ટ્રમ ઈન્ડ, ૧૧ કેવી મોનિપ્રિંટ ઈન્ડ | પલસાણા | ૧૯૧૨૩ | ૨૩.૦૭.૨૦૨૬/ ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| | ૬૬ કેવી તાંતીથૈયા | ૧૧ કેવી જય બજરંગ ઈન્ડ | કડોદરા ઇન્ડ | ૧૯૧૨૩ | ૨૪.૦૭.૨૦૨૬/ શુક્રવાર | ૧૦:૦૦ થી ૧૭:૦૦ |
| | ૬૬ કેવી પરબ | ૧૧ કેવી જય સિયારામ ઈન્ડ/ ૧૧ કેવી બ્રહ્મા ઈન્ડ/ ૧૧ કેવી શ્રીધર જેજીવાય | સેવણી | ૧૯૧૨૩ | ૨૫.૦૭.૨૦૨૬/ શનિવાર | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| | ૬૬ કેવી પલસાણા | ૧૧ કેવી પલસાણા ટાઉન | પલસાણા | ૧૯૧૨૩ | ૨૫.૦૭.૨૦૨૬/ શનિવાર | ૦૯:૦૦ થી ૧૫: ૦૦ |

કાર્યપાલક ઈજનેર, કડોદરા ડીવીઝન

ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

---

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાંદેર વિભાગીય કચેરી**
પ્લોટ નં. ૩૭, ટી.પી.૩૨, એલ.પી.સવાણી રોડ, જલારામ મંદિર પાછળ, સૌરભ પોલીસ ચોકીની ગલીમાં, અડાજણ, સુરત,૩૯૫૦૦૯
CIN: U40102GJ2003SGC042909
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

એમ.સી.બી,,. ઈ.એલ.સી.બી અને /આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

**વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જેટકો દ્વારા જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે વીજ પુરવઠો મળશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | ફીડરનું નામ | સબ ડિવિઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરિયાવ | તાડવાડી | અમરોલી | સનશાંતમ, નીલકંઠ સન, સૌંદર્ય પેલેસ, નીલકંઠ સ્કાઇ, પ્રમુખ એવેન્યૂ | ૧૯૧૨૩ | ૨૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | વરિયાવ | અમરોલી ટાઉન | અમરોલી | રિવાંટા ગાર્ડન સિટી, પંચશીલા સ્કાઇ, મણી પુરુષોતમ સોસા., કાઠિયાવાડી ટેકરો | ૧૯૧૨૩ | ૨૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૩ | વરિયાવ, વાંકલા | સમર્પણ, સિદ્ધનાથ | રાંદેર-૨ | વૈષ્ણોદેવી સ્કાઇ રોડ, સુડા સંસકીરી | ૧૯૧૨૩ | ૨૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૪ | પાલા | દીપા | અડાજણ | ક્રિષ્ના નગર થી ગુજરાત ગેસ સર્કલ, સરદાર કોમ્પ્લેક્ષ થી સરિતા નગર કલબ, ક્રિષ્ના કોમ્પ્લેક્ષ થી રમશા ટાવર | ૧૯૧૨૩ | ૨૧.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૫ | વરિયાવ | વરિયાવ ટાઉન | અમરોલી | કણાદ, કોસમ, શેરદી, કંટારા, આશારામનગર, મિત્રો ની વાડી ની સામે | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૬ | પાલા | લીલાવિહાર | રાંદેર-૧ | બેજાનવાલા કોમ્પ્લેક્ષ, લીલવિહાર સોસા., વેલકમ ટાવર, શિવોમ નગરવૈકુંઠ પાર્ક | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૭ | પાલા | હેતલ નગર | રાંદેર-૧ | હેતલ નગર, દિવાલીબાગ, કોટ્યાર્ક નગર, સબનમ પાર્ક | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૮ | વણકલા | તુલસી | રાંદેર-૨ | દાંડી રોડ થી બોટનીકલ ગાર્ડન રોડ ઉગત ગામ | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૯ | ભાઠા | શેવીઓન | પાલનપોર | શેવીઓન શોપિંગ સેંટર ની આસપાસ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૨૨.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૦ | ભાઠા | સ્તુતિ | પાલનપોર | સહજાનંદ હિલ્સ ની આસપાસ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૨૩.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૧ | પાલ | શિવધારા | પાલ | શિવધારા સોસા., સૌરભ સોસા., વેલોસિટી રોડ | ૧૯૧૨૩ | ૨૩.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૨ | ભાઠા | કસ્તુરબા | પાલનપોર | વિદ્યાકુંજ સ્કૂલ થી જકાતનાકા ચોકડી થી ઝગડીયા ચોકડી | ૧૯૧૨૩ | ૨૪.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૩ | ભાઠા | સુડા | પાલ | કલ્પવૃક્ષ ગાર્ડન, મોનાર્ક | ૧૯૧૨૩ | ૨૪.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૪ | પાલ | કેટોસ | પાલ | પાલ લેક ગાર્ડન થી મોનાર્ક રોડ | ૧૯૧૨૩ | ૨૪.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |
| ૧૫ | પાલા | શિવમ | રાંદેર-૧ | અલફ્સાની , ગંગા સાગર, ગાયત્રી નગર, સાંઈદર્શન, સંસ્કાર ટેનમેંટ, ગોરાટ રોડ | ૧૯૧૨૩ | ૨૪.૦૭.૨૦૨૬ | ૦૭.૦૦ થી ૧૧.૦૦ |

કાર્યપાલક ઇજનેર સંઅનેનિ ,રાંદેર વિભાગીય કચેરી, સુરત

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

---


RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત



ધમાલ - 4
૯.૪૫, ૧૧.૧૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૪.૦૦, ૪.૪૫, ૬.૦૦,૬.૪૫, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫

(હિન્દી) એક્શન ફિલ્મ
The Odyssey
(હિન્દી) ૯.૩૦, ૧૨.૪૫

APPLE CINEMA
છઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ધમાલ-4
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૧.૩૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૫, ૫.૦૦, ૬.૨૦, ૭.૦૦, ૭.૪૦ રાત્રે : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૦૦, ૧૧.૦૦

The odyssey
(હિન્દી) ૯.૦૦, ૧૨.૨૦, ૨.૧૫, ૬.૧૫, રાત્રે : ૯.૪૫

Evil Dead Burn
(હિન્દી) ૧૨.૧૦, ૫.૩૦, ૭.૪૦

મેં તો પાલવડે બાંધી પ્રિત
(ગુજરાતી) : ૭.૧૫

વેલકમ ટુ ધ જંગલ
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦

શાતિર (ગુજરાતી) ૧૨.૦૦

કોકટેલ-2 ૫.૩૫

જીંદગી વન્સ મોર (ગુજરાતી) ૧૨.૩૦

राहुन में तेरें रुबरु
(હિન્દી) ૫.૦૦

નાગ બંધમ
(હિન્દી) ૯.૧૦, ૩.૧૦, રાત્રે: ૯.૩૦

આલ્ફા ૯.૨૦, ૨.૨૦, ૪.૧૫, રાત્રે: ૮.૨૦, ૧૦.૦૦

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ભરપુર કોમેડીની ધમાચકડી



ધમાલ - 4
અજય દેવગન, રિતેશ દેશમુખ, સંજય મિશ્રા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

ફુલ એક્શન થ્રીલર



આલ્ફા
બોબીદેઓલ, આલિયાભટ્ટ, અનીલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL
Tickets Booking@Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
INOX



ધમાલ - 4
ATMOS : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૨.૦૦, ૧૨.૩૫, ૧.૩૦, ૩.૦૦, ૩.૩૫, ૪.૨૫, ૬.૦૦, ૬.૩૫, ૭.૨૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૧૫

ગાંગાણી ફિલ્મનું ગુજરાતી સુપરહીટ-ફિલ્મ
મેં તો પાલવડે બાંધી પ્રિત
ગુજરાતીઃ ૧.૫૦

વેલકમ ટુ ધ જંગલ
૧૨.૩૦

શાતિર
ગુજરાતીઃ ૭.૧૫




The Odyssey
(English) સવારેઃ ૮.૦૦ , (હિન્દી) ૯.૦૦, ૧૧.૨૫, ૩.૪૫, ૪.૫૦, રાત્રે : ૯.૫૫

Evil Dead Burn
૯.૦૦, ૧૧.૨૫, ૩.૪૫, ૪.૫૦ રાત્રે : ૯.૫૫

આલ્ફા ૬.૦૫